# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY R.C.C.I. Since 1954




**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફિઓ તથા DBS બેન્કના સયુંકત ઉપક્રમે "Hassle Free Export Finance & Smooth Lodgment of Export Bills" અંગે સેમિનાર યોજવામાં આવેલ...**

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ફેડરેશન ઓફ ઇન્ડીયન એક્ષપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ) તથા DBS બેન્કના સયુંકત ઉપક્રમે તા.૩-૫-૨૦૨૪ ના રોજ "Hassle Free Export Finance & Smooth Lodgment of Export Bills" અંગે સેમિનાર યોજવામાં આવેલ. જેમાં જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની ખાસ ઉપસ્થિત રહેલ.

સેમિનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફિઓ વેસ્ટર્ન રીજીઓનના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા વિવિધ સેકટરને લગતા સેમિનારો યોજવામાં આવે છે. તેમજ EBRC જાણકારી અંગે આગામી ટુંક સમયમાં સેમીનાર યોજીશું. વધુમાં નિકાસને લગતા કોઈપણ પ્રશ્નો કે સમસ્યા હોય તો તે રાજકોટ ચેમ્બરને મોકલી આપવા અનુરોધ કરેલ.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ રાજકોટ ચેમ્બર હરહંમેશ વેપાર-ઉધોગના પ્રશ્નોને વાચા આપવા અગ્રેસર રહી મહત્વની ભુમિકા ભજવે છે. નિકાસએ દેશની કરોડરજ્જુ સમાન છે તેમજ અર્થતંત્રમાં મહત્વનો સિંહફાળો આપી રહ્યું છે ત્યારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ૫ ટ્રીલીયન ડોલર ઈકોનોમીને સાર્થક કરવા સૌએ સહભાગી થઈએ. સાથો સાથ નિકાસકારોના બિઝનેશ કેમ વેગ આપી શકાય તે માટે રાજકોટ ચેમ્બર સક્રિય પ્રયાસ કરશે.

ત્યારબાદ જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોનીએ નિકાસને લગતી કાંઈપણ મુશ્કેલીઓ પડી રહી હોય તો ડીજીએફટી ઓફિસનો સંપર્ક કરી સંપુર્ણ સહયોગ આપવા ખાત્રી આપેલ.

DBS બેન્કનાશ્રી કવિશ શાહએ બેન્ક દ્વારા નિકાસકારો માટે મળવાપાત્ર સેવાઓ-લાભો અંગે તેમજ Hassle Free Export Finance & Smooth Lodgment of Export Bills અંગે વિસ્તારપુર્વક પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા માહિતી આપેલ.

વકતાશ્રી આનંદ મિરાણી દ્વારા Rupee Payment Mechanisam & FTAs-Role in Export અંગે વિસ્તારપુર્વક પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી માહિતિ આપી ઉપસ્થિત નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નોના યોગ્ય પ્રત્યુતરો આપેલ. સેમિનારમાં ઉપસ્થિત મહેમાનો-નિકાસકારોનો આભાર અને સંચાલન ફિઓ વેસ્ટર્ન રીજીઓનના હેડશ્રી જયપ્રકાશ ગોયેલએ કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.